બનાસકાંઠા ભાજપ દ્વારા ધનસંગ્રહ કાર્યક્રમ યોજાશે

પાલનપુર, તા.૯

ગુજરાત પ્રદેશ ભાજપ આયોજીત ધનસંગ્રહ કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર જિલ્લામાં ધનસંગ્રહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં તમામ ગામોમાં ધનસંગ્રહ માટે ગામદીઠ એક ધનસંગ્રહ કળશ આપવામાં આવશે. સાથે સાથે શહેર કક્ષાએ પણ દરેક વોર્ડ દીઠ ધનસંગ્રહ કળશ અપાશે. ૧૧મી ફેબ્રુઆરી પંડીત દન દયાલ ઉપાધ્યાજીની પુણ્યતિથીએ શરુ થઈ ૧૭ ફેબ્રુઆરી સુધી ગ્રામ્ય અને શહેર કક્ષાએ કાર્યકર્તાઓ દ્વારા પ્રત્યેક મતદારનો સંપર્ક કરી 'એક નોટ કમલ પે વોટ' ના સુત્ર સાથે પાર્ટી માટે ધનસંગ્રહ કરાશે.

બનાસકાંઠા જિલ્લામાં ૧૨૯૨ ગામ અને વોર્ડ મળી તમામ ગામોના મતદારો આગામી ૨૦૧૪ ચુંટણીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન પદે બિરજમાન કરવા એક નોટ સાથે કમલને વોટ આપી આ વિરાટ યજ્ઞમાં સહયોગ આપશે.

આ સાથે જિલ્લામાં તમામ મંડળ કક્ષાએ ૧૧ ફેબ્રુઆરીના રોજ મંડળ કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. તેવું જિલ્લા ભાજપ મીડીયા સેલ કન્વીનરે જણાવ્યું છે.

ઉનાળાની શરૂઆત થતા જ પ્રાંતિજમાં પાણીના ધાંધિયા

પ્રાંતિજ, તા. ૯

ગરમીની શરૂઆત થતા જ પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલી અનેક સોસાયટીઓ પીવાના પાણીના ધાંધિયા થતા મહિલાઓ લાલઘુમ થઈ છે અને આ સંદર્ભે તંત્ર સામે ઉગ્રરોષ વ્યક્ત કરી નિયમિત પાણીનો પુરવઠો આપવા માંગણી કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર રહેણાંક વિસ્તારમાં અનેક સોસાયટીઓ આવેલી છે. જ્યાં ઉનાળાની શરૂઆત થતા પાણીની બુમાબુમ થવા લાગી છે. રહીશોએ આ સંદર્ભે અનેક રજૂઆતો તંત્ર સમક્ષ કરી હતી પરંતુ આજદિન સુધી કોઈ પગલા લેવામાં આવ્યા નથી. આથી મહિલાઓ દૂર દૂર સુધી પાણી ભરવા જવુ પડે છે અને પૈસા આપી પીવાનું પાણી ખરીદવાની ફરજ પડે છે. ત્યારે અનેક પ્રકારના પાણીના વેરા ભર્યા પછી રહિશોને પાણીનો નિયમિત પુરવઠો ના મળતા મહિલાઓ ભારે લાલઘુમ થઈ છે અને તંત્ર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. અને સત્વરે પાણીની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માંગ કરી છે.

ડમ્પરની ટક્કર વાગી જતા યુવાનનું થયેલુ કરૂણ મોત

અમદાવાદ,તા.૯

શહેરમાં અકસ્માતના બનાવો તો જાણે સામાન્ય બની ગયા છે. ત્યારે આજે સવારે સરખેજ વિસ્તારના સોનલ ચાર રસ્તા પાસે એક ડમ્પર ચાલકે એક રાહદારીને અડફેટે લેતા યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યુ હતુ. અકસ્માત બાદ રોષે ભરાયેલા સ્થાનિક લોકોએ ડમ્પરની તોડફોડ કરી હતી. જેના પગલે તાત્કાલિક વેજલપુર પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. તેમજ ડમ્પર ચાલક ઘટના સ્થળે ડમ્પર મૂકીને ફરાર થઈ ગયો હતો. વેજલપુર પોલીસે ડમ્પર કબ્જે કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અંદાજે સવારે નવ વાગ્યાની આસપાસ બનેલા આ ગમખ્વાર અકસ્માત બાદ ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અસક્માતનો ભોગ બનનાર રાહદારી યુવકનું નામ ફારુક બુરહાન ઘોબી હોવનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

અમદાવાદમાં અપમૃત્યુ સહિત બે મોતના બનાવો બન્યા

અમદાવાદ,તા.૯

શહેરના માધવપુરા અને વટવામાં અપમૃત્યુ અને આત્મહત્યાના બે બનાવો નોંધાયા છે. શાહીબાગ વિસ્તારના શાંતિરથ એપાર્ટમેન્ટમાંરહેતા ૭૭ વર્ષીય પથિકાબેન પંચાલ બપોરના ચાર વાગ્યાના સુમારે ચોથા માળેથી સંબંધીને ગાડીની ચાવી આપવા જતાં બેલેન્સ ગુમાવતા પટકાઈ ગયા હતા. સારવાર અર્થે તેમને યોગીજી મહારાજ હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના ડૉક્ટરોને તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે માધવપુરા પોલીસે અકસ્મતા મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વટવા વિસ્તારના નારોલ કોર્ટની પાછળ આવેલ રંગોલીનગરમાં રહેતા ૩૦ વર્ષઈય સુનિતાબેન નિકુલભાઈ ચુનારાએ કોઈ કારણસર ગત સાંજે પોતાના ઘરે શરીર પર કેરોસીન છાંટી સળગી ગયા હાત. સારવાર માટે તેમને એલજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યુ હતુ.

દહેગામ-ચિલોડા વિસ્તારમાં લગ્નસરાની સિઝન પુરજોશમાં

ચિલોડા, તા.૯

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર જિલ્લામાં ચાલુ સાલે લગ્નોત્સવ ધુમધામથી ઉજવાઈ રહ્યા છે. સમાજ આયોજિત સમુહ લગ્નોત્સવ યોજાઈ રહ્યા છે ત્યારે ચાલુ સાલે લગ્ન ઈચ્છુકો વધુ પ્રમાણમાં હોવાથી લગ્ન માહોલ જામી રહ્યો છે. જેમાં ચિલોડા વિસ્તારમાં પરપ્રાંતિય લગ્નો વધુ પ્રમાણમાં હોવાથી રાજસ્થાની લગ્નોત્સવમાં અનોખી લગ્નપ્રથાનો માહોલ જોવા ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે. હાલમાં ચિલોડા વિસ્તારમાં આવેલા હાઈવે પરના પાર્ટી પ્લોટ રાત્રીમાં રિસેપ્શનોની રોશનીના ઝગમગાટથી હાઉસફુલ જોવા મળે છે. હજુ આગામી દિવસોમાં લગ્નનો માહોલ હોવાથી લોકો લગ્નસરાની સિઝનનો ભરપુર આનંદ માણી રહ્યા છે.

ઉત્તર ગુજરાતમાં બટાકાના બમ્પર પાકને લઈને આશા

પાલનપુર, તા.૯

ઉત્તરગુજરાતમાં પણ શાકભાજીની કિંમતમાં તીવ્ર ઘટાડો નોંધાઈ રહ્યો છે. ડુંગળી અને અન્ય શાકભાજીની કિંમતમાં સમાહના સમયમાં જ માર્કેટમાં ૩૦થી૫૦ટકા સુધીનો મોટો ઘટાડો થઈ ચુક્યો છે. રિટેલ માર્કેટમાં બટાકાની કિમત છેલ્લા એક સમાહના ગાળામાં ૬૦થી ૭૦ ટકા સુધી ઘટી ગઈ છે. બે મહિના અગાઉ બટાકાની કિમત પ્રતિકિલો ૫૦ અને ૯૦ રૂપિયા વચ્ચે હતી પરંતુ હવે બટાકાની કિમત અભૂતપૂર્વ રીતે ઘટીને કિલોદીઠ ૭થી ૫ રૂપિયા થઈ ગઈ છે. બટાકાના કારોબાર સાથે સંકળાયેલા વેપારીઓનું કહેવું છે કે આ વર્ષે બટાકાનું વ્યાપક અને પુષ્કળ ઉત્પાદન થયુ છે જેના પરિણામ સ્વરૂપે દેશના અન્ય ભાગોથી પણ માંગ આવી રહી છે પરંતુ પુરતા પ્રમાણમાં જથ્થો હવાના લીધે કિમતો ઘટી રહી છે.

બટાકાની કિમતમાં રિટેલ માર્કેટમાં છેલ્લા એક સમાહના ગાળામાં ૭૦ ટકાનો ઘટાડો અભૂતપૂર્વ રહ્યો છે. બટાકાની કિંમત હજુ પણ વધુ ઘટી શકે છે કારણ કે ઉત્પાદન ખૂબ વધારે રહ્યુ છે. ડિસા, પાલનપુર, હિમ્મતનગર અને દહેગામમાં બટાકાના ખેડૂતો અને કારોબારીઓ ખુશખુશાલ દેખાઈ રહ્યા છે. તેમને આશા છે તે ૨૦૧૧મા થયેલા નુકસાનની રિકવરી કરવામાં તેઓ સફળ રહેશે. એ વર્ષે ખેડૂતોને બટાકામાં વ્યપક નુકસાન થયુ હતુ. બટાકાની કિંમતમાં હજુ ઘટાડો થવાની આશાથી કારોબારીઓ પણ વધારે ઉતાવળ કરી રહ્યા નથી. બટાકાના બમ્પર પાકને લઈને કિમતો હજુ ઘટશે. બટાકાની સિંચાઈ માટેના વિસ્તારમાં દર વર્ષે વધારો થાય છે જેથી કિમતમાં પણવધુ ઘટાડો થઈ રહ્યો છે. અન્ય શાકભાજીની કિમતમાં પણ આ વર્ષે ગયા વર્ષની સરખામણીમાં સ્થિતિ ખૂબ સારી રહી છે. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ખેડૂતો વધુ ઉત્પાદન કરીને રિકવરીના મૂડમાં છે.

આજે લક્ષ્મીપુરામાં ગૌશાળાનું ભૂમિપૂજન

લક્ષ્મીપુરા, તા. ૯

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ખાતે આજે વિશાલક્ષી સેવા ટ્રસ્ટ અને જીવદયા મિત્ર મંડળ દ્વારા ગૌશાળાના ભૂમિપૂજન કાર્યક્રમ યોજાશે. ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરાની આસપાસના વિસ્તારના કિસાન પુત્રોની ગાયોથી સંસ્કારધન સાચવતો વિસ્તાર છે. જ્યાં આજે તા. ૧૦ ફેબ્રુઆરી-૨૦૧૪ને સોમવારના રોજ કે.ટી. હાઈસ્કૂલ ગૌશાળાના ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાશે. જેમાં ડૉ. પ્રવિણ લોગડિયા, ધીરૂભાઈ રામાણી તથા ગૌરાંગ શરણ દેવાચાર્ય તથા ગૌશાળાના ભૂમિદાતા કોદરભાઈ પટેલ તેમજ ભૂમિદાતા લાલસિંહજી વગેરે ઉપસ્થિત રહેશે.

આ વર્ષે મરચાંના ભાવ ઉંચા હશે

અમદાવાદ,તા.૯

ચાલુ વર્ષે એકબાજુ ઓછુ વાવેતર અને પાછોતરા વધુ વરસાદન કારણે ઉતારો ઓછો આવતા લાલ મરચાના ભાવ પ્રજાને રડાવશે તેવી દહેશત વ્યક્ત થઈ રહી છે. મધ્યમવર્ગીય પરિવારો આખા વર્ષના મસાલા એક સાથે ખરીદી કરીને ભરતા હોવાને કારણે અસહ્ય મોંઘવારીના માહોલમાં વધુ એક માઠા સમાચાર છે. આ વર્ષે સમગ્ર રાજ્યમાં એકંદરે મરચાનું વાવેતર ઓછું થયું છે જેના પરિણામે તીખા મરચાના ભાવ ખૂબ ઊંચા રહે તેવી સંભાવના છે. સામાન્ય રીતે ગોંડલ-શેરથા પંથકનું મરચુ જાણીતું છએ. બંને વિસ્તારોમાં યોગ્ય વાતાવરણ હોવાને પગલે લાલ મરચાનું મોટાપાયે વાવેતર કરવામાં આવે છે.

દર વર્ષે ઉતારો સારો આવતાં ભાવ પણ નિયંત્રણમાં રહે છે પરંતુ આ વર્ષે સ્થિતિ બદલાઈ છે સૌરાષ્ટ્ર સહિત ઉત્તર ગુજરાતના મરચાની ખેતી કરતા વિસ્તારોમાં એકંદરે ઓછુ વાવેતર કરવા સહિત કેટલાક ભાગોમાં વધુ વરસાદ થવાને કારણએ મરચાના પાકને માઠી અસર થવા પામી છે અને મરચાના છોડમાં સૂકારાની સ્થિતિ સર્જાયા બાદ ઉતારાને નુકસાન થવા પામ્યુ છે ગત વર્ષે ૧૮-૨૨ મણના ઉતારાની સામે આ વર્ષે ૧૫ મણની આસપાસ ઉતારો આવ્યો છે.

સાબરકાંઠા લોકસભા બેઠક માટે કોંગ્રેસમાં ખેંચતાણ

બેઠક લડવા શંકરસિંહ થનગની રહ્યા છે, ત્યારે જિલ્લા પ્રમુખ કહે છે, પટેલને ટીકીટ મળશે

હિંમતનગર, તા. ૯

લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસમાંથી ટીકીટ મેળવવા ઉમેદવારોમાં થગનાટ શરૂ થઈ ગયો છે. સાબરકાંઠા લોકસભા બેઠક માટેના દાવેદાર મધુસુધન મિસ્ત્રીને રાજ્યસભામાં મોકલવામાં આવતાંઆ બેઠક ઉપરથી વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાનું નામ જોરશોરથી ચર્ચાઈ રહ્યું છે. ત્યારે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલે જણાવ્યું હતુ કે આ બેઠક ઉપર શંકરસિંહ વાઘેલાને નહિ પરંતુ પટેલ જ્ઞાતિના ઉમેદવારને ટીકીટ મળશે આડકતરી રીતે તેમણે પોતે દાવેદાર હોવાનો સંકેત આપ્યો હતો. તેમના આ વિવાદાસ્પદ નિવેદનથી કોંગ્રેસમાં હડકમ મચી જવા પામી છે.

સાબરકાંઠા જિલ્લામાં કોંગ્રેસની જુથબંધી પરાકાષ્ટાએ છે. જેના કારણે ગત લોકસભાની ચૂંટણી મધુસુદન મિસ્ત્રીનો કારમો પરાજય થયો હતો. ત્યારબાદ વિધાનસભાની ચૂંટણીમાં સાત બેઠકોમાંથી ૬ બેઠકો કોંગ્રેસને મળી હતી ભાજપની એન્ટી ઈન્કમસીનો ભરપુર ફાયદો કોંગ્રેસને થયો હતો.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ સામે કાર્યકરોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસ દ્વારા અપાતા વિવિધ કાર્યક્રમો કાર્યકરોની પાખી હાજરી જોવા મળે છે. તે ઉપરાંત જિલ્લા કોંગ્રેસ સંગઠન જેવુ કઈ છે જ નહી ત્યારે આ વખતે લોકસભા જીતવી કોંગ્રેસ માટે કપરા ચઢાણ છે. કોંગ્રેસના કાર્યકરો ખુલ્લેઆમ કહી રહ્યા છે કે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલને હટાવવામાં નહી આવે તો લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ભોગવવું પડશે. કોંગ્રેસ માટે સિકયોર ગણાતી લોકસભા બેઠક ગુમાવવી પડશે.

ડાકોર ધમધમતુ જુગાર ધામ પોલીસ તંત્ર કાર્યવાહી કરવા નિષ્ફળ

સેવાલીયા, તા. ૯

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર રેલ-વે સ્ટેશન પાસે અસામાજીક તત્વો દ્વારા બિન્દાસપણે જુગાર-દારૂના અડ્ડાઓ ચલાવવામાં આવે છે. ધાર્મિક સ્થળની પાસે આ પ્રકારની બદી ફુલીફાલી રહી છે તેમ છતાં પણ પોલીસ તંત્ર સાવ અજાણ બની તમામ ખેલ નિહાળી રહી છે અને પ્રજા મુશ્કેલીમાં મુકાઈ રહી છે. ત્યારે સમાજ વિરોધી પ્રવૃત્તિ તાત્કાલિક બંધ થાય તેવી માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે રેલવે સ્ટેશનની પાસેજ એક શખ્સ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી બિન્દાસપણે કોઈનો ભય કે ડર વગર જ દારૂ અને જુગારનો ધંધો ચલાવવામાં આવી રહ્યો છે અને સમાજના યુવાધનને બરબાદ કરવાનું સમાજ વિરોધી કૃત્ય કરી રહ્યો છે ત્યારે ડાકોર મંદિર આવતા દર્શનાર્થી પણ રોજ આ બદીનો ભોગ બને છે. ઉપરાંત અહીં અનેકવાર મહિલાઓના છેડતીના કિસ્સાઓ પણ બનવા પામ્યા છે. આમ છતાં પોલીસતંત્ર આ સમગ્ર મામલે આંખ આડા કાન કરી બુટલેગરોને છાવરવાનું કામ કરે છે. ત્યારે પોલીસ અને બુટલેગરોની આ પ્રકારની કામગીરીથી સ્થાનિક પ્રજામાં ભારે રોષ જોવા મળ્યો છે. અને સત્વરે ઉચ્ચ અધિકારી આ મામલે કાર્યવાહી કરી દારૂ અને જુગારની બદી દૂર કરાવે તેવી માંગ ઉઠવા પામી છે.

બનાવટી પોલીસ બનીને તોડ કરતો શખ્સ પકડાયો

અમદાવાદ,તા.૯

નકલી પોલીસ બની તોડ કરતા રિટાયર્ડ આઈબી ઓફિસરના પુત્રને દારૂની બોટલ સાથે અંતે સેટેલાઈટ પોલીસે ધરપકડ કરી છે. તેની પાસેથી ત્રણ દારૂની બોટલ કબજે કરવામાં આવી હતી.

સૂત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ગતરાત્રીના ૧૦.૪૫ વાગ્યાની આસપાસ પોશવિસ્તારએવા સેટેલાઈટના શિવરંજની બ્રિજ પાસેથી પસાર થતાં યુવકને ફિલ્મી ઢબે રોકીને પૈસાની માંગણી કરનાર નકલી પોલીસ યુવકને સેટેલાઈટ પોલીસ લઈ જતાં નકલી પોલીસ બનેલા રશ્મી પટેલનો ભાંડો ફુટ્યો હતો. રીટાયર્ડ આઈબી ઓફિસરના પુત્ર રશ્મી પટેલ પાસેથી પોલીસે ત્રણ વિદેશી દારૂની બોટલો તથા પોલીસ કેપ પણ કબજે કરી છે. હાલ આરોપીની સઘન પૂછપરછ કરી પોલીસ વધુ તપાસ હાથ ધરી રહી છે. તેમજ નકલી પોલીસ બનેલ રશ્મી પટેલ પકડાયા ત્યારે નશામાં ધૂત હોવાનું પણ પોલીસ દ્વારા જાણવા મળ્યું છે.

ગુંદરી ચેક પોસ્ટ પરથી ૪૧ લાખનો દારૂ ઝડપાયો

દાંતીવાડા, તા. ૯

ગુજરાતની ગુંદરી બોર્ડર ચેકપોસ્ટ પરથી ગતરોજ સવારે રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરેલી ટ્રક સાથે એક શખ્સની પાંથાવાડા પોલીસે ધરપકડ કરી તેની વિરૂદ્ધ વધારે કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાનથી ગુજરાતને જોડતી બોર્ડર ગુંદરી ચેકપોસ્ટ પરની પોલીસચોકીને દારૂનો મોટો જથ્થો ગુજરાતમાં લાવવામાં આવી રહ્યો હોવાની જાણ થતા પી.એસ.આઈ. બી.એલ. વડુકર, દિનેશભાઈ, જેઠાભાઈ, ફતાભાઈ, દિનએશદાન, ઈકબાલ અહમદ અને દિનેશજીની ટીમે આખી રાત રાજસ્થાન તરફથી આવતી બધીજ ગાડીઓનું ચેકીંગ હાથ ધર્યુ હતુ. દરમિયાન વહેલી સવારે રાજસ્થાન તરફથી આવતી જીજે-૪-જીએ-૧૩૦૫ નંબરની ટ્રકને રોકીને તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. જ્યારે ટ્રકમાં સવાર બે શખ્સોપૈકી એક નાશી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે એક શખ્સ જયરામ ઓડ (રહે. પંજાબ) ને ઝડપી પાડ્યો હતો અને રૂ. ૪૧,૦૯,૪૦૦ની કિંમતની ૮૫૧ નંગ પેટી અને રૂ. ૧૫,૦૦૦૦૦ કિંમતની ટ્રક તેમજ ૩,૦૦૦ કિંમતની ગાડીની તાડપત્ર અને મોબાઈલ મળી કુલ રૂ. ૫૬,૧૨,૪૦૦નો મુદ્દામાલ પાથાવાડા પોલીસે કબજે કર્યો હતો. અને નાશી છૂટેલા ઈસમની શોધખોળ હાથ ધરી છે.

દાંતીવાડામાં ફિલ્મી ઢબે દારૂ ઝડપાયો

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા, તા. ૯

રાજસ્થાન તરફથી આવતી મારૂતિ અલ્ટો કાર પર શંકા જતા

આર.આર.સેલના કોન્સ્ટેબલોએ તેમની પ્રાઈવેટ સ્કોર્પિયો ગાડીથી પીછો કરી દારૂ ભરેલી કાર સાથે ચાલકને ઝડપી લીધો છે.

મળતી માહિતી મુજબ આર.આર.સેલ. ભુજ બનાસકાંઠા કોન્સ્ટેબલ યશવંતસિંહ ડી. વાઘેલા તેમજ રમેશભાઈ બી. પટેલ અને પાટણ એએસઆઈ સંતોસસિંહ જેઓ પેટ્રોલીંગમાં નીકળેલા હતા. જે સમય દરમિયાન દાંતીવાડા તાલુકાના ચોડુંગરી ગામ જોડે રાજસ્થાન તરફથી આવતી મારૂતિ અલ્ટો કાર નંબર જીજે-૮-આર-૭૧૬૯ પર સંકા જતા ઉભી રાખવા માટે કહેતા અલ્ટો કાર ચાલકે કારને ભગાડી હતી, ત્યારે તેઓ દ્વારા દારૂ ભરેલી કારનો ફિલ્મી ઢબે પિછો કર્યો હતો જે સમય દરમિયાન નાન્દોત્ર બ્રાહ્મણવાસ ગામેથી માવતસિંહ કેવળસિંહ ચૌહાણ નામનો આરોપી (રહે. આંત્રોલી તા. પાલનપુર) ગાડી સાથે ઝડપી પાડ્યો હતો અને તપાસ કરતા ૩૨ પેટી કિંમત રૂપિયા ૧,૨૧,૬૦૦નો દારૂ તેમજ મારૂતિ અલ્ટો કાર કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦ જે કુલ મળી રૂ. ૩,૭૧,૬૦૦ નો મુદ્દામાલ કબજે લઈ આરોપી સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧